


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો વદ નોમ શુક્રવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૯૨ પાનાં ૧૮ કિંમત ₹ ૫.૦૦


# ઓડિશા, બંગાળ પર વાવાઝોડું ત્રાટકે તે પહેલા લાખોનું સ્થળાંતર

## રિલાયન્સના ગુજરાત ખાતેના ડેટા સેન્ટરને એનવીડિયા એઆઇ ચીપ્સ પુરી પાડશે

**આ અમેરિકી** કંપની ભારતમાં એઆઇના વિકાસ માટે ભારતીય ટેક કંપનીઓ ઇન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને ટેક મહિન્દ્ર સાથે ભાગીદારી પણ કરશે




**મુંબઇ, તા. 24 (PTI):** એનવીડિયા કોર્પોરેશન રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગુજરાત ખાતે બંધાઇ રહેલા ગુજરાત ખાતેના ડેટા સેન્ટર માટે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ પ્રોસેસરો પુરા પાડશે અને વિકસતા ભારતીય બજારમાં ભાગીદારીને વધુ ગાઢ બનાવવા ટેક જાયન્ટ કંપનીઓ ઇન્ફોસિસ, ટેક મહિન્દ્ર અને વિપ્રો સાથે સહકાર કરશે એમ આ કંપનીના સીઇઓ જેનસેન હુઆંગે આજે જણાવ્યું હતું.

આજે અહીં યોજાયેલ એનવીડિયાની એઆઇ સમિટમાં હુઆંગ અને મુકેશ અંબાણી એક મંચ પર બેઠા હતા જ્યારે તેમણે આર્ટીફિશયલ ઇન્ટેલિજન્સ માળખુ ઉભુ કરવા અને ભારતમાં આ ટેકનોલોજીની સ્વીકૃતિને વેગ આપવા ભાગીદારી કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ઇન્ફોસિસ, ટીસીએસ અને વિપ્રો એઆઇને કસ્ટમ-બિલ્ટ સોલ્યુશનો સાથે લાગુ પાડવામાં ગ્રાહકોની મદદ કરશે. ટેક મહિન્દ્ર તેના નવા હિન્દી ભાષાવાળા એઆઇ મોડેલોનો ઉપયોગ એક કસ્ટમ એઆઇ મોડેલ બાંધવામાં મદદ કરશે, જે મોડેલનું નામ ઇન્ડસ ૨.૦ અપાયું છે. ભારત સોફ્ટવેરનું ઉત્પાદન અને નિકાસ કરે છે, અને ભવિષ્યમાં તે એઆઇની નિકાસ કરશે એ મુજબ હુઆંગે જણાવ્યું હતું.

અહીં એનવીડિયા એઆઇ સમિટ ૨૦૨૪ ખાતે અંબાણી અને હુઆંગે ભારતના એઆઇમાં તકોની ચર્ચા માટે ફાયરસાઇડ ચેટ કરી હતી, જે અંગે અંબાણી માને છે કે તે ફક્ત સ્થાનિક ક્ષમતાઓ જ વધારશે નહીં પણ વૈશ્વિક બૌદ્ધિક બજારમાં ભારતને એક નોંધપાત્ર ખેલાડીની સ્થિતિ પર મૂકશે. ભારત એનવીડિયા પાસે જે શ્રેષ્ઠ છે તેની સાથે શરૂઆત કરશે એમ અંબાણીએ કહ્યું હતું. એક ઇનોવેશન સેન્ટર માટે પણ ભાગીદારી કરવામાં આવશે એમ હુઆંગે બાદમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

**'દાના'** વાવાઝોડું ગુરુવારની મધરાત પછી ત્રાટકે તેવી સંભાવના

**કલાકના** ૧૨૦ કિમીની ઝડપે પવન ફૂંકાઇ શકે, ભારે વરસાદ પણ પડશે

**ઓડિશામાં** સાડા ત્રણ લાખ અને પશ્ચિમ બંગાળમાં અઢી લાખ લોકોનું સ્થળાંતર, બંને રાજ્યોમાં તંત્રો હાઇ એલર્ટ પર

**ભુવનેશ્વર, કોલકાતા, તા. 24 :** ઓડિશા અને પશ્ચિમ બંગાળ રાજ્યો તરફ શક્તિશાળી વાવાઝોડું દાના આગળ વધી રહ્યું છે અને આજે ગુરુવારની મધરાત પછી તે આ બંને પૂર્વીય રાજ્યોના કાંઠા પર કલાકના ૧૨૦ કિમીની ઝડપે ત્રાટકે તેવી સંભાવના વચ્ચે બંને રાજ્યોના જોખમી વિસ્તારોમાંથી લાખો લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવાયું છે.

ભારતીય હવામાન વિભાગના સાંજના ૫.૩૦ કલાકના બુલેટિન પ્રમાણે દાના વાવાઝોડાની સિસ્ટમ છેલ્લા છ કલાકમાં કલાકના ૧૩ કિમીની ઝડપે ઉત્તર- ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી હતી અને તે સાંજે ઓડિશાના પરાદીપથી ૯૦ કિમી દક્ષિણપૂર્વમાં અને પશ્ચિમ બંગાળના સાગર ટાપુથી ૨૧૦ કિમી દક્ષિણમાં પૂરઝડપે ઘૂમરીઓ લઇ રહી હતી. તે જ્યારે જમીનને સ્પર્શ કરે ત્યારે તેના પવનની ઝડપ કલાકના ૧૨૦ કિમીની હોઇ શકે છે અને તે પોતાની સાથે અત્યંત ભારે વરસાદ લાવી શકે છે. હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું હતું કે દરિયામાં બે મીટર જેટલી ઉંચી ભરતી આવી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આ વાવાઝોડુ ભીતરકનિક નેશનલ પાર્ક

...અનુસંધાન પાના 17 પર

### સેંકડો ટ્રેનો રદ, એરપોર્ટો બંધ

પૂર્વસાવચેતીના પગલા તરીકે પૂર્વ કાંઠા રેલવેએ ઓડીશામાંથી પસાર થતી ૨૦૩ ટ્રેનો રદ કરી છે જ્યારે ભુવનેશ્વરનું બીજુ પટનાયક એરપોર્ટ પણ ગુરુવારે સાંજે ૫ વાગ્યાથી ૧૬ કલાક માટે બંધ કરી દેવાયું છે. બંગાળમાં પૂર્વ રેલવેએ હાવડા ડિવિઝનની ૬૮ સબર્બન ટ્રેનો રદ કરી છે જ્યારે સિઆલદાહથી રવાના થતી તમામ લોકલ ટ્રેનો પણ બંધ કરી દેવાઇ છે. કોલકાતાનું નેતાજી બોઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ ગુરુવારે સાંજના ૬ વાગ્યાથી શુક્રવારે સવારના ૯ વાગ્યા સુધી બંધ કરી દેવાયું છે.

### ઓડિશા, બંગાળના કાંઠે ભારે વરસાદ, પવનો શરૂ

વાવાઝોડું ત્રાટકે તેના કલાકો પહેલા જ ઓડિશાના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ અને તોફાની પવનો શરૂ થઇ ગયા હોવાના અહેવાલ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં પણ દક્ષિણના કાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને તોફાની પવન શરૂ થઇ ગયો હોવાના અહેવાલ છે.

## વધુ 80થી વધુ ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી

**આ સાથે** છેલ્લા 11 દિવસમાં ભારતીય એરલાઇનો દ્વારા સંચાલિત 250થી વધુ ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી ચુકી

**નવી દિલ્હી, તા. 24 (PTI):** સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુરુવારે વિવિધ ભારતીય એરલાઇન્સની 80થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને બોમ્બની ધમકી મળી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, એર ઇન્ડિયા, વિસ્તારા અને ઇન્ડિગોની લગભગ 20-20 ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી હતી, જ્યારે અકાસા એરની 13 ફ્લાઇટ્સ માટે ધમકીઓ મળી હતી. આ ઉપરાંત, એલાયન્સ એર અને સ્પાઇસ જેટની લગભગ 5-5 ફ્લાઇટને ધમકીઓ મળી હતી. એમ અધિકારીઓએ ઉમેર્યું હતું. 11 દિવસમાં ભારતીય કેરિયર્સ દ્વારા સંચાલિત 250થી વધુ ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી છે.

ઇન્ડિગોના પ્રવક્તાએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેને 20 ફ્લાઇટ્સ માટે સુરક્ષા સંબંધિત ચેતવણીઓ મળી છે. ફ્લાઇટ્સમાં 6ઇ 362 (હૈદરાબાદથી ગોવા), 6ઇ 334, (કોલકાતાથી હૈદરાબાદ), 6ઇ 235 (કોલકાતાથી બેંગલુરુ), 6ઇ 236 (બેંગલુરુથી કોલકાતા), 6ઇ 11 (દિલ્હીથી ઇસ્તાંબુલ), 6ઇ 17 (મુંબઇથી ઇસ્તાંબુલ), 6ઇ 58 (જેદ્દાહથી મુંબઇ) અને 6ઇ 125 (બેંગલુરુથી ઝારસુગુડા) નો સમાવેશ થાય છે. અન્ય વિમાનોમાં 6ઇ 133 (પુણેથી જોધપુર), 6ઇ 135 (કોલકાતાથી પુણે), 6ઇ 149 (હૈદરાબાદથી બાગડોગરા), 6ઇ 196 (કોચીથી બેંગલુરુ), 6ઇ 304 (કોચીથી હૈદરાબાદ), 6ઇ 201 (ગુવાહાટીથી કોલકાતા), 6ઇ 282 (દિલ્હીથી ઐઝવાલ) અને 6ઇ 277 (અમદાવાદથી લખનૌ) નો સમાવેશ થાય છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, 6ઇ 265 (જયપુરથી ચેન્નાઇ), 6ઇ 259 (ગોવાથી કોલકાતા), 6ઇ 112 (ચંદીગઢથી અમદાવાદ) અને 6ઇ 394 (ગુવાહાટીથી કોલકાતા)ને પણ સુરક્ષા સંબંધિત ધમકીઓ મળી હતી.

### સરકારે મેટા, એક્સને બોમ્બની ધમકીઓ અંગે માહિતી આપવા કહ્યું

**નવી દિલ્હી.** સરકારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ મેટા અને એક્સને જણાવ્યું છે કે તેઓ એરલાઇનોને મળતી બોમ્બની બનાવટી ધમકીઓ અંગેનો ડેટા પુરો પાડે અને સરકારે આવી પ્રવૃતિઓ પાછળ કોણ છે તે શોધી કાઢવાનું શરૂ કર્યું છે. જાણકાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકારે કેટલીક મલ્ટિનેશનલ મોટી ટેકનોલોજી કંપનીઓને પણ કહ્યું છે કે તેઓ આ બનાવટી ધમકીઓ પાછળ કોણ છે તે શોધી કાઢવામાં સરકારની મદદ કરે, અને કહ્યું હતું કે આમાં જાહેર ભલાઇ પણ સંકળાયેલી છે. છેલ્લા ૧૧ દિવસમાં ભારતીય એરલાઇનો દ્વારા સંચાલિત એવી ૨૫૦ કરતા વધુ ફ્લાઇટોને બોમ્બની ધમકીઓ મળી છે અને આમાંથી મોટા ભાગની ધમકીઓ સોશ્યલ મીડિયા મારફતે મળી છે. ટોચના સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકારે કેટલાક આરોપીઓને શોધી કાઢ્યા છે અને પગલા લેવાઇ રહ્યા છે. જો કે તેમણે ચોક્કસ માહિતી આપી ન હતી કે આ બનાવટી સંદેશાઓ ક્યાંથી આવે છે અને તેની પાછળ કોણ છે.

**કેટલાક આરોપીઓને ઓળખી કઢાયા હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું**



### ભાજપના બે નેતાઓ 'વરિષ્ઠ વકીલ'ની યાદીમાં

થોડા અઠવાડિયા પહેલા ભારતની સર્વોચ્ચ અદાલતે 39 નવા વરિષ્ઠ વકીલોનાં નામોની ઘોષણા કરતાં સર્વોચ્ચ અદાલતના કોરિડોર આનંદથી ભરાઇ ગયા હતા. નવા વરિષ્ઠ વકીલોમાંના એક ગૌરવ શર્મા ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) ડી વાય ચંદ્રચુડની કોર્ટમાં હાજર થયા અને બેન્ચ દ્વારા તેમને અભિનંદન આપવામાં આવ્યા. આદેશ આપતાં સીજેઆઈએ હળવાશમાં કહ્યું કે, વરિષ્ઠ વકીલ શર્મા તેમના જુનિયર એડવોકેટ ગાઉનમાં દેખાયા હતા. 'વરિષ્ઠ'નું ટેગ એડવોકેટના કદમાં વધારો કરે છે અને પ્રમોશન પછી તેઓ પાછળની બાજુએ ફ્લેપવાળો એક વિશિષ્ટ કાળો ગાઉન પહેરે છે, ભલે નિયમો તે સૂચવતા નથી. જોકે, સર્વોચ્ચ અદાલતના વધુ 39 વકીલો નિયુક્ત વરિષ્ઠ વકીલ બનવું એ આવકારદાયક પગલું છે, પરંતુ હકીકત એ છે કે બે એડવોકેટ્સ, જેમની કોઇ ખાસ ઓળખાણ નથી, તેઓ પણ વરિષ્ઠ વકીલોની યાદીમાં હતા. એક નવી દિલ્હીના સાંસદ અને ભૂતપૂર્વ વિદેશ

...અનુસંધાન પાના 17 પર

તા. ૨૪-૧૦-૨૦૨૪નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૮° સે. | ૨૬.૨° સે. | ૫૮% |

## કેનેડાએ ભારતની પીઠમાં છરો ભોંક્યો છે, તેની વર્તણૂક વાહિયાત છે: ભારતીય દૂત

**ભારતે** પાછા બોલાવી લીધેલા હાઇ કમિશનર સંજય વર્માએ કહ્યું કે કેનેડામાં ખાલિસ્તાનવાદીઓએ તેમની ચળવળને એક અપરાધ ઉદ્યોગમાં ફેરવી નાખી છે




**નવી દિલ્હી, તા. 24 (PTI):** ભારતે જેમને પાછા બોલાવી લીધા છે તે કેનેડા ખાતેના ભારતીય હાઈ કમિશનર સંજય વર્માએ કેનેડાની વર્તણૂકને વાહિયાત પ્રકારની ગણાવી છે અને કહ્યું છે કે ભારતની પીઠમાં છરો ભોંકવામાં આવ્યો છે અને ભારત સાથે એક મિત્ર લોકશાહી જેવું વર્તન કરવાને બદલે એકદમ અનપ્રોફેશનલ રીતે વર્તન કરવામાં આવી રહ્યું છે.

સમાચાર સંસ્થા પીટીઆઇને આપેલા એક ઇન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે ખાલીસ્તાનના કેટલાક મુઠ્ઠીભર ટેકેદારોએ ખાલિસ્તાનની વિચારધારાને એક અપરાધ ઉદ્યોગમાં ફેરવી નાખી છે, જેના હેઠળ અનેક પ્રવૃતિઓ ચાલે છે જેમ કે શસ્ત્રોની દાણચોરી અને માનવ તસ્કરી. અને છતાં કેનેડાની સરકાર તેના તરફ આંખ આડા કાન કરે છે કારણ કે સ્થાનિક રાજકારણીઓ માટે તેઓ એક વાચાળ વોટબેન્ક છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૩મી ઓક્ટોબરે એક અણધાર્યા ઘટના વળાંકમાં કેનેડાએ ભારતીય હાઇ કમિશનર સંદીપ વર્માને જૂન ૨૦૨૩ના હરદીપ નિજ્જર હત્યા કેસમાં જેની તપાસની જરૂર છે તેવી વ્યક્તિ ગણાવી હતી. કેનેડા વધુ પગલા લઇ શકે તે પહેલા

...અનુસંધાન પાના 17 પર

### જસ્ટિસ સંજીવ ખન્ના આગામી સીજેઆઈ નિયુક્ત, 11 નવેમ્બરે શપથ લેશે



**નવી દિલ્હી, તા. 24 (PTI).** જસ્ટિસ સંજીવ ખન્નાને ગુરુવારે ભારતના 51મા મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વર્તમાન ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ 65 વર્ષની વયે પદ છોડ્યાના એક દિવસ પછી 11 નવેમ્બરે તેઓ શપથ લેશે. જસ્ટિસ ચંદ્રચુડે 8 નવેમ્બર, 2022ના રોજ સીજેઆઈ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. જસ્ટિસ ખન્નાનો સીજેઆઈ તરીકેનો કાર્યકાળ છ મહિનાથી થોડો વધારે હશે અને તેઓ 13 મે, 2025ના રોજ

...અનુસંધાન પાના 17 પર

## સેબીના વડા માધબી બુચ PAC સમક્ષ હાજર થયા નહીં

**અનિવાર્ય** કારણોસર હાજર રહી શકાય તેમ નથી એમ જણાવ્યું, સમિતિ અધ્યક્ષ વેણુગોપાલે બેઠક મુલતવી રાખી

**નવી દિલ્હી, તા. 24 (PTI):** સેબીના અધ્યક્ષ માધબી પુરી બુચ આજે સંસદની પબ્લિક એકાઉન્ટ્સ કમિટીની બેઠકમાં હાજર રહ્યા ન હતા જેને પગલે આ સમિતિના વડા કે.સી. વેણુગોપાલે આજની બેઠક મુલતવી રાખવી પડી હતી, બીજી બાજુ એનડીએના સભ્યોએ તેમના પર એકપક્ષી નિર્ણયો લેવાનો આક્ષેપ કર્યો હતો અને લોકસભાના સ્પીકર સમક્ષ આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો. વેણુગોપાલે પત્રકારોને જણાવ્યું હતું કે સમિતિને બુચ તરફથી સવારે ૯.૩૦ કલાકે એક સંદેશો મળ્યો હતો કે આવશ્યક કારણોસર તેમની ટીમ આ પેનલ સમક્ષ હાજર રહી શકે તેમ નથી. તેમણે આ નિર્ણયને તેમની નામંજૂરી હોવાનો સંકેત એમ કહેતા આપ્યો હતો કે હાજર રહેવામાંથી મુક્તિ આપવાની બુચની અગાઉની વિનંતી નકારાયા બાદ બુચે પોતે હાજર રહેશે એવું જણાવ્યું હતું. એક મહિલાની વિનંતી ધ્યાનમાં લેતા અમે વિચાર્યું કે આજની બેઠક અન્ય દિવસ પર મોકૂફ રાખવાનું યોગ્ય રહેશે એમ વેણુગોપાલે કહ્યું હતું, જેઓ બેઠક શરૂ થયા બાદ શાસક ગઠબંધન

...અનુસંધાન પાના 17 પર







